ગાંધીનગર સમાચાર

સંસ્કાર ગ્રુપ દ્વારા વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરાઈ

# શેરી ગરબામાં સેકટર-૨૨નો દબદબો યથાવત

ગાંધીનગર, તા.૧૬

શહેરના સેકટરોમાં યોજાતા શેરી ગરબાનું અનેરું મહત્વ છે. શહેરના સેકટર-૨૨ ખાતે યોજાતા શેરી ગરબાનું સ્થાન આજે પણ અકબંધ છે. અઢી દાયકાથી યોજાતી આ નવરાત્રીમાં માનવ મહેરામણ ઉમટે છે. શહેર નજીકના આસપાસના ગામના ખેલૈયાઓ પણ માતાજીના ચાચર ચોકમાં ગરબે ઘુમવા આવે છે. શહેરની અલ્ટ્રા મોર્ડન સંસ્થાકીય નવરાત્રીના ક્રેઝ હોવા છતા સેકટર-૨૨ની નવરાત્રીએ પરંપરાગત સ્થાન જાળવી રાખ્યું છે.

ગાંધીનગર શહેરના સેકટરોમાં થતા શેરી ગરબાની આગવી ઓળખ છે. બે દાયકાઓ પૂર્વે નગરના સેકટર-૨૦, ૨૯, ૨૧, ૧૭ તેમજ ૨૨માં શેરી ગરબાનો દબદબો હતો. શેરી ગરબામાં માનવ મહેરામણ ઉમટતો હતો. હૈયાથી હૈયુ દળાય તે રીતે ખેલૈયાઓ માતાજીના ચાચરચોકમાં ગરબે ઘુમતા હતા. સમય બદલાતા સંસ્થાઓ દ્વારા નગરમાં સંસ્થાકીય નવરાત્રીનું સુંદર આયોજન થતાં નવ યુવાન ખેલૈયાઓ હાઈ ફાઈ સાઉન્ડ સિસ્ટમ અને મોકળાશવાળા ગ્રાઉન્ડમાં ગરબે ઘુમવા લાગ્યા. શહેરમાં સંસ્થાકીય નવરાત્રીનું આકર્ષણ વધતા શેરી ગરબાનું મહત્વ ઓછું થતું ગયું પરંતુ આજની પરિસ્થિતિમાં નગરના કેટલાક શેરી ગરબાનું આજે પણ એટલું જ મહત્વ છે. જેમાં સેકટર-૨૨માં થતા ગરબાનો દબદબો જોવા નગરજનો અચુક જાય છે. વેપારીઓ તેમજ વસાહતીઓના સાથ સરકારથી સુંદર આયોજન થાય છે. શેરી ગરબામાં પારિવારીક માહોલ જોવા મળે છે. બહેનો અને ભાઈઓ અલગ અલગ વ્યવસ્થામાં ગરબે રમે છે. નગરની ઓળખ સમા સેકટર-૨૨ના શેરી ગરબામાં ખેલૈયાઓએ સંગીતના સથવારે માતાજીના ચાચર ચોકમાં ત્રીજા નોરતે ઝનકાર ગ્રુપના સથવારે ગરબાની અનોખી રમઝટ બોલાવી હતી. જાણે યુવા ધન હિલોળે ચઢયું હતું. માતાજીના ગરબા રમીને ભકિત અને શકિતની ઉલ્લાસપૂર્વક ઉજવણી ગરબા રસિકો સારી રીતે કરી શકે તે માટે સેકટર-૨૨ નવરાત્રી સમિતિના પ્રમુખ કાળીદાસ પટેલ, પ્રભાતભાઈ દેસાઈ, પશાભાઈ પટેલ, અશ્વિનભાઈ વ્યાસ, ભરતભાઈ જોષી, દશરથભાઈ પટેલ અને જગદીશ નાયી સહિત હોદ્દેદારો ખડે પગ સેવા બજાવી રહ્યાં છે.





## @ગાંધીનગર

### પાંચમું નોરતું

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા બાલનગરી મેદાન સે-૯ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે લાલીત્યા મનસા અને હસમુખ પાટડીયા ગરબા રજૂ કરશે.

● સે-૨૨ સાર્વજનિક નવરાત્રી મહોત્સવ દ્વારા રાત્રે ૯.૩૦ કલાકે ગજેન્દ્રસિંહ મ્યુઝીક ગ્રુપના ગાયક ગજેન્દ્રસિંહ વાઘેલા ગરબા રજૂ કરશે.

● સે-૪ સાર્વજનિક નવરાત્રિ મહોત્સવ ખાતે રાત્રે ૯ કલાકે ઝનકાર મ્યુઝી. ગ્રુપ દ્વારા ગરબા રજૂ કરાશે.

● નવરાત્રિ સમિતિ સે-૩-ન્યુ ખાતે રાત્રે ૯ કલાકે કૃણાલ ઓરકેસ્ટ્રાના ગાયક સુનીલ સોલંકી દ્વારા ગરબા રજૂ કરાશે.

● સે-૩-બી નવરાત્રી ચોક ખાતે પાયલ મ્યુઝિકલ ગ્રુપ દ્વારા ગરબાની રજૂઆત કરાશે.

● સેકટર-૧૭ નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા રાત્રે ૯ કલાકે કેશર કલાવૃંદના ગાયક રણવીરસિંહ વાઘેલા અને કોમલ પારેખ ગરબાની રમઝટ જમાવશે.

● અંબાજી માંડવી પ્રગતિ મંડળ સરઢવ નવરાત્રિ મહોત્સવ દ્વારા માંડવી ચોક સરઢવ ખાતે વૈભવ મ્યુઝિકલ ગ્રુપના વૈભવી દવે અને ધીરજ બાણાવળી ગરબાની રમઝટ બોલાવશે.

● સરઢવ વારાહી પ્રગતિ મંડળ નવરાત્રી મહોત્સવ દ્વારા વારાહી ચોક ખાતે મહેશ સોલંકી, દિવ્યા ખત્રી અને રણજીત નાડીયા ગરબા રજૂ કરશે.

● જય બુટ ભવાની મા આંનદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો દક્ષાબેન મુનેન્દ્રકુમાર જોષીના નિવાસસ્થાન બંગલા નં. ૫૨, સોમનાથ પાર્ક સોસાયટી, પ્રમુખનગર પાસે બપોરે ૨ કલાકે યોજાશે.

● લાયન્સ કલબ દ્વારા ચ-૩ ગરબા મેદાન સે-૧૧ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે દીપ્તી પાઠક ગરબા રજૂ કરશે.

● રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણીનો આજથી પ્રારંભ થશે. જેમાં સવારે ૧૧.૩૦ કલાકે વિવિધ સ્પર્ધાઓ અને પુસ્તક પ્રદર્શન ખુલ્લુ મુકવામાં આવશે.

● આંતરરાષ્ટ્રીય દારૂણ ગરીબી દિવસ નિમિત્તે સે-૨૬માં હોટલ કેપિટલ ગોલ્ડન જવેલ ખાતે સાંજે ૭.૩૦ કલાકે જાગૃતિ સેમિનાર યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## સંસ્કાર ગ્રુપ દ્વારા વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૬

સંસ્કાર ગ્રુપ દ્વારા બાલકોને લગતી વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. આ ગ્રુપ દ્વારા વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. આ અંગે સંસ્થાના પ્રમુખ તુષાર દવેએ માહિતી આપતા જણાવ્યું હતું કે જેમાં મોટીસંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગીલધો હતો. ગાંધીનગર સ્થિત ધોળાકુવાપ્રાશાળા અને સે-૬ની પગાર કેન્દ્ર શાળાના વિદ્યાર્થીઓ વિજેતા બન્યા હતા. સે-૬ની શાળાના વિજેતાઓમાં દિલબાનું સંધિ અને દશરથ ધરજીયા તથા ધોળાકુવા પ્રાથમિક શાળાના વિજેતાઓમાં ગૌતમ રાવળ, જયદિપ ઠાકોર, ભૂમિકા સોલંકી, અનિતા ટાકોર અને દેવાંગ ઠાકોરનો સમાવેશ થાય છે. વિજેતાઓને વન્યજીવોની બુક, ફોટોગ્રાપ, કાર્ડ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત વિદ્યાર્થીઓને ફિલ્મ શો બતાવી પર્યાવરણ પ્રત્યે જાગૃત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનો સફળ બનાવવા ધોળાકુવા ગામ પ્રાથમિક શાલાના આચાર્યા સુરિતાબેન ચૌધરી અન સે-૬ પગાર કેન્દ્ર શાળાના આચાર્ય ઈશ્વરભાઈ પટેલ તથા શિક્ષક ગણે સંસ્થાને કાર્યક્રમ માટે અભિનંદન પાઠવ્યા હતા.



એક તરફ રાષ્ટ્રીય વ્યવસ્થાને સુવ્યવસ્થિત કરવાના નામે ટ્રાફીક પોલીસ સીટ બેલ્ટ, હેલમેટ વગર કે ત્રણ સવારી અથવા ડાર્ક ફિલ્મ રાખીને ફરતા વાહનચાલકોને કડક કાયદા બતાવી દંડનીય કાર્યવાહી સઘન બનાવે છે તો બીજી તરફ ઘેટાં-બકરાની માફક મુસાફરો ભરીને શટલીયા જીપ ચાલકો સરેઆમ નિયમ ભંગ કરે છે તેની સામે ટ્રાફીક પોલીસની રહેમ નજર અનેક સવાલો ઉભા કરી રહી છે. નિયત સંખ્યાથી વધુ મુસાફરો બેસાડીને શટલીયા મારતા જીપચાલકો પાસે પોલીસ દંડ વસુલતી ન હોવાથી સામાન્ય વ્યકિતઓ કે જેની પાસે પોલીસ કડક વલણ રાખીને દંડ વસુલે છે તેમનો ટ્રાફીક પોલીસ સામે રોષ વધતો જાય છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## વાતવાતમાં

● નવલી નવરાતમાં શહેરનું યુવાધન હિલોળે ચઢી ગરબે ઘુમી રહ્યું છે. આ નવરાત્રીમાં યુવા ખેલૈયાઓ હાથમાં મોબાઈલ હઈને ગરબા રમતા દેખાય છે તેનું કારણ 'સેલ્ફી' લેવાનો ક્રેઝ જવાબદાર હશે કે કેડિયા-ચણિયાચોળીમાં મોબાઈલ રાખવા ખિસ્સાની સગવડ નહી થઈ શકતી હોય તે હશે?

● સે-૩-સીમાં કલ્ચરલ સ્કવેયર ખાતેના શેરી ગરબામાં શિવાની ગુપ્તા અને દિવ્યા વાળંદ નામની બાળાએ ભવ્ય રંગોળી તૈયાર કરી હતી. ઉત્સવની સાથે બાળકોની સર્જનાત્મકતા ખીલવવાનો આ પ્રયાસ ઘણો આવકારદાયક છે.

● નવરાત્રિ ઉત્સવોમાં સંગીત, પહેરવેશ, સ્ટાઈલ સાથે સાથે પ્રસાદમાં પણ ઘણું પરિવર્તન આવ્યું છે. શહેરના અનેક શેરી ગરબામાં પ્રસાદમાં અવનવી વેરાયટી જોવા મળી રહી છે. જેમાં ચોકલેટનો પ્રસાદ સૌથી વધુ પ્રચલિત બન્યો છે.

● નવા સચિવાલય ખાતે એક કર્મચારી તેમની નવી નક્કોર સાયકલ લઈને હોંશે હોંશે નોકરી ગયા હતા પરંતુ પહેલા દિવસે જ સાયકલ ચોરાઈ જતા ભારે નિરાશ થયા હતા. સચિવાલયમાં જ કર્મચારીઓના વાહનોની સુરક્ષા નથી તો સામાન્ય નાગરિકોની તો શું વિસાત?

● સે-૩માં સવારે એક વિતરક સવારે અખબારનું વિતરણ કરી રહ્યો હતો ત્યારે અચાનક મધમાખીનું ઝુંડ ઉડયું હતું. જેનાથી બચવા વિતરકને અખબારો રસ્તામાં મુકી ભાગવું પડયું હતું. ભાગવા છતાં વિતરકને હાથ અને મોંઢાના ભાગે મધમાખી કરડતા સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવો પડયો હતો.

● સે-૩માં આજે એક રીક્ષા અને ટવેરા કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. કારની પાછળના ભાગે રીક્ષા ટકરાતા બંને વાહનોને નજીવી ઈજાઓ થઈ હતી.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

## અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી ખાતે દાંડિયા-૧૫માં રાસ ગરબાની રમઝટ

### એક હજારથી વધુ વિદ્યાર્થીઓ ગરબે ઘુમ્યા : વિજેતા ખેલૈયાઓને સિલ્વર કોઈન આપી બિરદાવવામાં આવ્યા





ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર પાસેના અડાલજ ખાતે અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રીસર્ચ ઈન્સ્ટીટયુટમાં બુધવારે નવરાત્રીની ઉજવણી 'દાંડિયા-૧૫'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અમદાવાદના પ્રસિધ્ધ અંબિકા કલાવૃંદના સુમધુર સંગીતે વિદ્યાર્થીઓને મનભરી ડોલાવ્યા હતા અને રાસ ગરબાની ભારે રમઝટ બોલાવી હતી.

દાંડિયા-૧૫ કાર્યક્રમમાં મહેમાન પદે સંસ્થાના ચેરમેન રિષભ જૈન, ડૉ.એ.કે. ચતુર્વેદી, જીગર પંડયા, બી.એન. સુહાગીયા, ડૉ. મુકેશ ગોહેલ, ડૉ. દીપક ગોંડલિયા તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રિષભ જૈન દ્વારા દાંડિયા-૧૫ના વિજેતાઓને સિલ્વર કોઈનનું ઈનામ આપવામાં આવતા ખેલૈયાઓ આનંદમાં આવી ગયા હતા. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓ દ્વારા સફળ રીતે આયોજિત કરવામાં આવ્યો હતો તે માટે સંસ્થાના ચેરમેન તથા પ્રિન્સીપાલ ડૉ. રાગીન શાહે તમામ સ્વયંસેવકો નીરવ, દેવાંગ, દીપ, જૈનીશ, લવ અને ફોટોગ્રાફર અર્થ પંડયાની કામગીરી બિરદાવી હતી. કાર્યક્રમમાં આશરે એક હજારથી વધુ ખેલૈયાઓએ રાસ ગરબાની અનોખી રમઝટ બોલાવી હતી. (તસવીર : સમીર રામી)

## સે-૨૮માં દારૂ પીને બિભત્સ વર્તન કરતા બે શખ્સો ઝડપાયા

### સે-૨૮ મુખ્ય શોપીંગમાં કોલવડાના બંને યુવાનો દારૂ પીને છાકટા બન્યા હતા : બંનેની ધરપકડ

ગાંધીનગર, તા.૧૬

શહેરનાં સેકટર-૨૮ ખાતે સ્થિત મુખ્ય શોપીંગ પાસે દારૂના નશામાં ચુર બે યુવાન શખ્સો બિભત્સ વર્તન કરી રહ્યા હોવાનું પોલીસના ધ્યાને આવતા સે-૨૧ પોલીસની ટીમે બંનેને ઉઠાવી લીધા હતા. કોલવડા ગામના બંને શખ્સો સામે પ્રોહીબીશન એકટ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી લઈને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સેકટર-૨૮ મુખ્ય શોપીંગ સેન્ટર પાસે ઉભેલા બે શખ્સો દારૂ ઢીંચીને આવ્યા હોવાની અને અવર જવર કરતી યુવતીઓ સાથે બિભત્સ વર્તન કરીને ચેનચાળા કરી રહ્યા હોવાની ફરિયાદ મળતા સે-૨૧ પોલીસની ટીમ રાત્રે સાડા અગિયાર વાગ્યાના અરસામાં સ્થળ પર પહોંચી ગઈ હતી. કોલવડા ગામના દરબાર વાસમાં રહેતા દિગ્વીજયસિંહ દિલીપસિંહ ચૌહાણ અને જયદિપસિંહ ભુપતસિંહ ચાવડા બંને શખ્સોને દારૂના નશામાં ચકચૂર હાલતમાં પકડી લોકઅપમાં મુકી દીધા હતા. સે-૨૧ પોલીસે બંને સામે ગુનો દાખલ કરીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ડુંગરી ગરાસિયા સમાજની સભા મળશે

ગાંધીનગર, તા.૧૬

શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટની બારમી વાર્ષિક સાધારણ સભા આગામી તા. ૧૮ ઓકટોબરને રવિવારના રોજ બપોરે ૧૨ કલાકે નગરપાલિકા ભવન, સે-૧૧ ખાતે મળશે. આ વાર્ષિક સાધારણ સભામાં સર્વે સભાસદોને ઉપસ્થિત રહેવા સમાજના પ્રમુખ ડૉ. કે.એન. બામણીયાએ અનુરોધ કર્યો છે.





આદ્યશકિત મા અંબાના પર્વ નવરાત્રીની ગાંધીનગર તેમજ ન્યુ ગાંધીનગરના અલગ અલગ વિસ્તારોમાં ભાવપૂર્વક ઉજવણી થઈ રહી છે. કુડાસણ ખાતે આવેલ 'સાર્થક સંકલ્પ' સોસાયટીના રહીશોએ આ વર્ષે નવરાત્રીનું ખુબ જ સુંદર આયોજન કર્યું છે. જેમાં સ્ત્રીઓ, પુરુષો અને બાળકો સહિત વડીલો સૌ કોઈ આનંદ અને ઉલ્લાસપૂર્વક નવરાત્રીની ઉજવણી કરી રહ્યાં છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## જ-૨ વસાહત ખાતે આજે ૧૨૫ દીવડાની આરતી

ગાંધીનગર, તા. ૧૬

પ્રતિ વર્ષની જેમ આ વખતે પણ નવરાત્રીની પાંચમ નિમિત્તે જ-૨ વસાહત મંડળ ખાતે એક વ્યક્તિ દ્વારા ૧૨૫ દીવડાની આરતીનું આયોજન કરવામાં આવ્યું છે.

નવરાત્રી સમિતિ પ્રમુખ પ્રકાશ એસ તડવીએ આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે શરીર ઉપર બખ્તર પહેરી ૧૨૫ દીવડાની આ આરતી સજાવવામાં આવશે. આ પ્રસંગે ગાંધીનગર વિસ્તારના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, મહાનગરપાલિકાનાં મેયર હંસાબેન મોદી, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા તેમજ પૂર્વ ડેપ્યુટી મેયર સુભાષભાઈ પાંડોર ઉપસ્થિત રહેશે.

નગરના તમામ ભાવિકોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા સમિતિ તરફથી હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ દ્વારા ગરબા કાર્યક્રમનું સુંદર આયોજન કરાયું



ગાંધીનગર, તા.૧૬

આસો સુદ બીજના દિવસે અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ દ્વારા બલરામ ભવન પરિસરમાં પરંપરાગત શેરી ગરબાનું આયોજન કરાયું જેમાં બહેનો જ ગરબા રમતાં રમતાં ગવરાવે અને ઝીલે. સભ્ય બહેનો અને નગરની બહેનોએ બહોળી સખ્યામાં ઉત્સાહભેર ભાગ લઈ ગરબે રમ્યા. સંસ્થાની વર્ષોની પરંપરા છે કે કોઈ સ્પર્ધા કે હરિફાઈ નહી. બહેનો ઉત્સાહથી ગરબા રમે અને અંતે લકી ડ્રોનું આયોજન થાય અને ઈનામ વિતરણ કરાય.

સેક્ટેરી લીનાબેન મહેતા આ અંગેની અખબારી યાદીમાં જણાવે છે કે બહેનોનો ઉત્સાહ વધારવા જિલ્લા પંચાયતના પ્રમુખ હીનાબેન પટેલ ઉપસ્થિત રહ્યા અને તેમના હાથે લકી ડ્રો થયો અને મોટી સંખ્યામાં ઈનામ વિતરણ થયું હતું. સંસ્થા દ્વારા વરિષ્ઠ સભ્ય અને સમાજ સેવિકા ઈન્દુબેન અમરાવતકરનું સન્માન કરવામાં આવ્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

## ગાંધીનગરના રાહુલ મહેતાને રાષ્ટ્રીય એવોર્ડ એનાયત

ન્યુ ઈન્ડીયા એશ્યોરન્સ કું. ગાંધીનગરના ડેવલપમેન્ટ ઓફિસર



રાહુલ શાંતિલાલ મહેતાનો શ્રેષ્ઠ કામગીરી બદલ વર્ષ ૨૦૧૪-૧૫ માટે ત્રણ રાષ્ટ્રીય એવોર્ડ આપવામાં આવ્યા હતા.

રાહુલ મહેતાને બે એવોર્ડ દ્વિતીય ક્રમે અને એક એવોર્ડ પ્રથમ આવવા બદલ આપવામાં આવ્યો છે. રાહુલ મહેતાને બેંગ્લોર સ્થિત હોટલ તાજ વીવાન્ટાના ચેરમેનના હસ્તે આ એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# આજે પાંચમા નોરતે સ્કંદમાતાનું પૂજન થશે

### મંગલ પર્વ નવરાત્રી તેના મધ્યાહ્‌ને, ચો તરફ પૂજન-અર્ચન અને ગરબાનો ધમધમાટ

ગાંધીનગર, તા.૧૬

આદ્ય શકિતના પર્વનો સમય ઝડપથી વહી રહ્યો છે. મંગલ પર્વ આજે પાંચમા નોરતે તેના મધ્યમાં આવી ગયું છે. શ્રધ્ધાળુઓ અને ખેલૈયાઓ પૂજન અર્ચન અને ગરબામાં ઓતપ્રોત બન્યા છે. દુર્ગા દેવીના ચાર સ્વરૂપોનું પૂર્ણ શ્રધ્ધાથી થયેલ પૂજન બાદ આજે પર્વના મધ્ય દિવસ એટલે કે પાંચમા નોરતે સ્કંદમાતાના સ્વરૂપનું પૂજન થશે. જીવનમાં સુખ શાંતિ અને ઈચ્છાપૂર્તિ માટે પાંચમા સ્વરૂપના પૂજનનું અતિ મહત્વ વર્ણવાયું છે.

જગત જનની જગદંબાના અનેક સ્વરૂપોની પૂજા અર્ચના થાય છે. જેમાં નવરાત્રી પર્વ દરમિયાનના સ્વરૂપોનો અનોખો મહિમા શાસ્ત્રોમાં લખાયો છે. જે મુજબ આજે પાંચમા સ્વરૂપ એવા સ્કંદમાતાનું પૂજન-અર્ચન કરવામાં આવશે. આદ્ય શકિતનું આ મમતામયી રૂપ છે. માતાજીના ખોળામાં સ્કન્દ એટલે કે કાર્તિકેય સ્વામીને લઈને બિરાજમાન આ રૂપ જીવનમાં સુખ, શાંતિ, સ્નેહ,



ઈચ્છાપૂર્તિ અને સંવેદનાનું પ્રતિક છે. અને માતાજીનો વર્ણ પૂર્ણ રૂપે શુભ્ર છે. ભગવાન સ્કંદ (કાર્તિકેય) પ્રસિધ્ધ દેવાસુર સંગ્રામમાં દેવતાઓના સેનાપતિ બન્યા હતા. જેથી ભગવાન સ્કંદની માતા હોવાના કારણે દુર્ગાના આ રૂપને સ્કંદમાતા તરીકે પૂજાય છે. કહેવાય છે કે સ્કંદમાતાની પૂજાથી તમામ મનોરથો પુર્ણ થાય છે. આ દિવસે સાધકનું મન 'વિશુધ્ધ' ચક્રમાં અવસ્થિત હોય છે જેથી માતાજીના આ સ્વરૂપને પૂજવાથી શાંતિ અને સુખનો અનુભવ થાય છે. વળી માતાજીની ઉપાસનાથી બાલરૂપ સ્કંદ ભગવાનની પણ આપોઆપ ઉપાસના થઈ જાય છે. સુર્યમંડળની અધિષ્ઠાત્રી દેવી હોવાથી સ્કન્દ માતાની પૂજા કરવાવાળા ભકતો અલૌકિક તેજ અને કાંતિથી સંપન્ન બને છે. ચાર ભુજાધારી સ્કંદમાતા કમળના આસન ઉપર પદ્માસનની મુદ્રામાં બિરાજમાન રહે છે. જેથી વિદ્યાવાહીની પણ કહેવાય છે. સિંહ અને મયુર માતાજીના વાહન છે.

આનંદ, ઉર્જા અને ઉપાસનાના આ ત્રિવેણી સંગમ સમા મંગલકારી શકિતના પર્વ નવરાત્રી મધ્યમાં આવી પહોંચી છે. માતાજી પણ પોતાના સૌ માઈ ભકતો ઉપર અસીમ કૃપા વરસાવી રહ્યા છે અને ભકતો પણ આદ્ય શકિતની ભકિતમાં કસર ન રહે તે રીતે આ પર્વનો લાભ લઈ રહ્યા છે. હવન, નૈવેદ્યની તૈયારીઓ આરંભાઈ ચુકી છે ત્યારે ગરબે ઘુમનાર પણ વર્ષે આવતી આ તકનો પૂરેપૂરો લાભ લેવા ભારે થનગનાટ મચાવી રહ્યા છે.

## માતાજીની આરતીનાં નામે થતું કલેકશન

ગાંધીનગર, તા.૧૬



રૂપિયા કમાવવાના કીમીયાઓ કેટલાકને કયારેય શિખવાડવા ન પડે...! સિઝન પ્રમાણે તેમના પરિવારનું ગુજરાન ચલાવવા કોઈને કોઈ રીતે રૂપિયા ઉભા કરી દે...! હવે નવરાત્રી શરૂ થઈ તો એક ડીશમાં દીવડો મુકીને માતાજીની આરતીના નામે કલેકશન શરુ કરી દેવામાં આવ્યું છે. અલગ અલગ માર્ગો પર આવી ટોળકીઓ ઉભેલી નજરે ચઢી રહી છે જે વાહનચાલકોને રસ્તા વચ્ચે ઉભી રાખી કે કોઈ પણ વસાહતમાં ઘુસીને ઘરે ઘરે ફરીને આરતી આપી છુટક રૂપિયા ખંખેરી રહી છે...! (તસવીર : કશ્યપ નિમાવત)

## ચિરવિદાય

- સ્વ. કલાજી માસંગજી ઠાકોર, ઉ.વ. ૫૩
- સ્વ. કનૈયાલાલ ઉમિયાશંકર ત્રિવેદી, ઉ.વ. ૯૧
- સ્વ. શિવકુમાર ભગોતી સોની, ઉ.વ. ૩૫